**આપણું સંવિધાન વિશ્વનું સૌથી અનોખું અને અસાધારણ સંવિધાન છે**
**- રાજ્યપાલશ્રી**

**સંવિધાનના સર્વજન કલ્યાણની મૂળ ભાવના નિહિત છે.**
**- ગોવાના રાજ્યપાલશ્રી**

**ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અને રાજભવનના સંયુક્ત ઉપક્રમે "સંવિધાન દિવસ"ની ઉજવણી**

**તા. ૨૬/૧૧/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે આપણું સંવિધાન વિશ્વનું સૌથી અનોખું અને અસાધારણ સંવિધાન છે. તેમણે જણાવ્યું હતું કે ભારતીય સંવિધાનના રચયિતાઓએ ભારતની વિવિધતા, પારંપારિકતા અને ભાષાકીય વૈવિધ્યનો ખ્યાલ આપ્યો હતો, પરિણામે વિશ્વનું સૌથી લાંબુ સંવિધાન અસ્તિત્વમાં આવ્યું જેમાં સૌના હિતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

રાજ્યપાલશ્રીએ આજે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અને રાજભવનના સંયુક્ત ઉપક્રમે રાજભવન ખાતે યોજાયેલ "સંવિધાન દિવસ"ની ઉજવણી સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. આ પ્રસંગે ગોવાના રાજ્યપાલ શ્રીમતી મૃદુલા સિન્હા અને બોમ્બે હાઇકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી મોહિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સંવિધાનનું મૂળ તત્વ તેની પ્રસ્તાવના છે, જેમાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જે આ દેશના લોકોનો આત્મા છે. તેમણે કહ્યું હતું કે સંવિધાનમાં સમાવિષ્ટ મૌલિક અધિકારીનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. જે આપણા જીવન મૂલ્યોને ઉજાગર કરે છે. સમાનતા, ધાર્મિક, સ્વતંત્રતા અને શૈક્ષણિક સ્વતંત્રતા આ તમામ એક સ્વતંત્ર જીવન જીવવા માટેનું મુખ્ય તત્વ છે. તેમણે જણાવ્યું હતું કે સંવિધાન આપણું માર્ગદર્શક છે અને તેની શક્તિ આપણા નાગરિકોની ઇચ્છા શક્તિ પર છે, જે હમેશા તેની રક્ષા માટે પ્રતિબદ્ધ છે.

ગોવાના રાજ્યપાલ શ્રીમતી મૃદુલા સિન્હાએ જનાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ માનવ મૂલક સંસ્કૃતિ છે જેમાં સર્વજન કલ્યાણની ભાવના નિહિત છે. આપના સંવિધાનના ઘડવૈયાએ આપણી આ ઉદાત્ત ભાવનાઓને સુપેરે કંડારી છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જનાવ્યું હતું કે દેશની આઝાદી પછી બે મહત્વપૂર્ણ કાર્યો થયાં એક તો સરદાર વલ્લભભાઇ પટેલે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલિનિકરણ કર્યું અને બીજું આપણા સંવિધાનના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકર અને અન્ય વિદ્વાન નેતાઓએ દેશને અદભૂત સંવિધાનની ભેટ આપી જે આજે આપણું માર્ગદર્શન કરે છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતે સંવિધાનની મૂળભૂત ભાવનાઓને આત્મસાત્ કરી છે. તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સુરેન્દ્રનગરમાં સંવિધાનના સન્માનમાં “સંવિધાન યાત્રા”નું આયોજન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે હમેશા સામાજિક ન્યાય માટે ચિંતા રાખી તે દિશામાં સતત પ્રયાસો કર્યા છે.

બોમ્બે હાઇકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ મોહિત શાહે સંવિધાનની મહત્વની બાબતો અંગેના સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓની જાણકારી આપી વિદ્વતાપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું.

પ્રારંભમાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રોફેસર બિમલ પટેલે પણ કોન્સ્ટીટ્યૂશન અને જ્યુડિસરી અંગે પ્રવચન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા પણ આપી હતી. જ્યારે રજિસ્ટ્રાર ડો. અવિનાશ ભાગીએ આભારવિધિ કરી હતી.

------------------------